શ્રી

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા સબ ડીસ્ટ્રીકટ વડોદરા–૫ (બાપોદ)ના મોજે સયાજીપુરા તા. વડોદરાની સ્થાવર મીલકતનો વેચાણ દસ્તાવેજ ₹ .... /– અંકે .... રૂપીયા પુરાનો.

સંવત ૨૦૭૩ ના જેઠ સુદ ..... ને .... વાર તા. .... માહે મે સને ૨૦૧૭ ના દિને આ વેચાણ દસ્તાવેજ લખી લેનાર,

પહેલા પક્ષવાળા :–

.... જાતે હિન્દુ ઉ.વ. ...... આસરે ધંધો .... ઠે. .... જેમનો **PAN NO.** __________________ છે. જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં પહેલા પક્ષવાળા અથવા વેચાણ લેનાર કે તમો એ રીતે સંબોધવામાં આવશે. જે શબ્દના અર્થમાં તમો વેચાણ દસ્તાવેજ લખી લેનાર તથા લખી લેનાર પહેલા પક્ષવાળા તથા પહેલા પક્ષવાળાના વંશ, વાલી, વારસો, એસાઇનીઓ, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટરો, હોદેદારો, સકસેસરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

જોગ આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર,

બીજા પક્ષવાળા/જમીન માલીક :–

શ્રી અમરતલાલ મોતીભાઇ પ્રજાપતિ જાતે હિન્દુ ઉ.વ. ૭૫ આસરે ધંધો ખેતી તથા વેપાર ઠે. સત્યનારાયણ ટ્રેડર્સ, રીફાઇનરી રોડ, ગોરવા, વડોદરા. જેમનો **PAN NO. ADTPP 1485G** છે. જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં બીજા પક્ષવાળા અથવા જમીન માલીક કે વેચાણ આપનાર કે અમો એ રીતે સંબોધવામાં આવ્યા છે. જે શબ્દના અર્થમાં અમો આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર બીજા પક્ષવાળા તથા બીજા પક્ષવાળાના વંશ, વાલી, વારસો, એસાઇનીઓ, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટરો, હોદેદારો, સકસેસરો વિગેરે તમામનો સમાવેશ થાય છે. તથા

ત્રીજા પક્ષવાળા/સંમતિ આપનાર :–

કન્ફરમીંગ પાર્ટી નં. (૧) :–

શ્રી રાજેશ રામભરોસેલાલ અગ્રવાલ જાતે હિન્દુ ઉ.વ. ૫૩ આસરે ધંધો ખેતી તથા વેપાર ઠે. ૨૩, સોહમ બંગ્લોઝ–૧, વાસણા રોડ, વડોદરા. જેમનો **PAN NO. ABJPA 2627F** છે. જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં ત્રીજા પક્ષવાળા કે સંમતી આપનાર અથવા કન્ફરમીંગ પાર્ટી નં. (૧) એ રીતે સંબોધવામાં આવ્યા છે. જે શબ્દના અર્થમાં અમો ત્રીજા પક્ષવાળા કન્ફરમીંગ પાર્ટી નં. (૧) તથા કન્ફરમીંગ પાર્ટી નં. (૧)ના વંશ, વાલી, વારસો એસાઇનીઓ, એક્ઝીક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટરો, હોદ્દેદારો, સકસેસરો વિગેરે તમામનો સમાવેશ થાય છે. તથા

કન્ફરમીંગ પાર્ટી નં. (૨) :–

અમર ઇન્ફ્રાસ્ટ્રક્ચર એ નામની ભાગીદારી પેઢી, કે જેનો **PAN NO. __________________** છે તેમજ તેની ઓફીસ પાણીની ટાંકીની પાછળ, કમળાનગર તળાવની બાજુમાં, સયાજીપુરા, વડોદરા એ ઠેકાણે આવેલી છે, તે પઢીના વહીવટકર્તા ભાગીદાર શ્રી કિશોરભાઇ ધરમશીભાઇ પ્રજાપતિ જાતે હિન્દુ ઉ.વ. ૩૭ આસરે ધંધો વેપાર. જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં ત્રીજા પક્ષવાળા કે સંમતી આપનાર અથવા કન્ફરમીંગ પાર્ટી નં. (૨) એ રીતે સંબોધવામાં આવ્યા છે. જે શબ્દના અર્થમાં અમો ત્રીજા પક્ષવાળા કન્ફરમીંગ પાર્ટી નં. (૨) ભાગીદારી પેઢી તથા તે ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના જે ભાગીદારો અસ્તિત્વમાં હોય તે તમામ ભાગીદારો તથા તે તમામ ભાગીદારોના વંશ, વાલી, વારસો એસાઇનીઓ, એક્ઝીક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટરો, હોદ્દેદારો, સકસેસરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

જત અમો બીજા પક્ષવાળા તથા ત્રીજા પક્ષવાળા તમો પહેલા પક્ષવાળાને આ વેચાણ દસ્તાવેજ લખી આપીએ છીએ કે,

અમો બીજા પક્ષવાળાની સ્વતંત્ર માલકી અને કબજા ભોગવટાની જમીન, કે જે મોજે ગામ સયાજીપુરા તા. વડોદરાના રે.સર્વે નં. ૫૯૦ તથા ૫૯૧/૧, ટાઉન પ્લાનીંગ સ્કીમ (ટી.પી.) નં. ૧ (સયાજીપુરા)ના અનુક્રમે ફાઇનલ પ્લોટ નં. ૬ તથા ૭ વાળી છે, તે જમીન અંગે અમો બીજા પક્ષવાળાએ ત્રીજા પક્ષવાળા કન્ફરમીંગ પાર્ટી નં. (૧)નાને એક બાનાખત તા. ૭–૧૦–૨૦૧૪ ના રોજ કરી આપેલું છે. જેથી ત્રીજા પક્ષવાળા કન્ફરમીંગ પાર્ટી નં. (૧)નાને, સદર વેચાણ દસ્તાવેજમાં સંમતિ આપનાર તરીકે લીધેલા છે. તે જ પ્રમાણે, ઉપર જણાવ્યા મુજબ ફાઇનલ પ્લોટ નં. ૬ તથા ૭ વાળી જમીન પૈકી દક્ષિણ દિશા તરફના ભાગવાળી જમીન અંગે અમો બીજા પક્ષવાળા તથા ત્રીજા

પક્ષવાળા કન્ફરમીંગ પાર્ટી નં. (૧)નાએ, ત્રીજા પક્ષવાળા કન્ફરમીંગ પાર્ટી નં. (૨)નાને એક ડેવલપમેન્ટનો કરાર તા. ૧૮–૪–૨૦૧૭ ના રોજ કરી આપેલો છે. જે ડેવલપમેન્ટ કરાર શહેર વડોદરાના નોટરીશ્રી શિલ્પા બી. ઝવેરી સાહેબના રજીસ્ટરમાં અનુક્રમ નં. ૧૦૪૪૭ તા. ૧૯–૪–૨૦૧૭ ના રોજથી નંધાએલ છે. તેમજ તે ડેવલપમેન્ટ કરાર ઉપર ગુજરાત સ્ટેમ્પ અધિનીયમ–૧૯૫૮ ની કલમ–૩૩ અને કલમ–૩૯ (૧)(બી) હેઠળ અનુક્રમે ખુટતી સ્ટેમ્પ ડ્યુટીની રકમ તથા તેના ઉપર ભરવા પાત્ર થતી દંડની રકમ મળી, કુલ ₹૩૬૨૬૪૯૦/– અંકે છત્રીસ લાખ છવ્વીસ હજાર ચારસો નેવું રૂપીયા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, માંડવી મેઈન બ્રાંચમાં તા. ૧૮–૫–૨૦૧૭ ના રોજ ભરપાઈ કરેલા છે અને તેથી શહેર વડોદરા વિભાગ–૧ ના સ્ટેમ્પ ડ્યુટી વેલ્યુએશન તંત્રના નાયબ કલેક્ટર સાહેબશ્રીએ, મુંબઈ સ્ટેમ્પ અધિનીયમ–૧૯૫૮ ની કલમ–૪૧ હેઠળ, સદર ડેવલપમેન્ટ કરાર ઉપર યોગ્ય સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ થયેલ હોવાનું પ્રમાણપત્ર પણ આપેલ છે.

અમો બીજા પક્ષવાળા તથા ત્રીજા પક્ષવાળા કન્ફરમીંગ પાર્ટી નં. (૧)નાએ ઉપર જણાવ્યા મુજબ તા. ૧૯–૪–૨૦૧૭ ના રોજ ત્રીજા પક્ષવાળા કન્ફરમીંગ પાર્ટી નં. (૨)નાને જે ડેવલપમેન્ટ કરાર કરી આપેલો છે, તેથી ત્રીજા પક્ષવાળા કન્ફરમીંગ પાર્ટી નં. (૨)નાને આ વેચાણ દસ્તાવેજમાં સંમતિ આપનાર તરીકે લીધેલા છે. તેમજ સદર જમીનમાં, 'અમરદીપ હેરીટેજ' એ નામ રાખીને આયોજન કરવામાં આવેલ યોજના પૈકી **'ટાવર–એ'** ના **'એ–૧'** વીંગના .... ફલોરમાં આવેલ અધુરા બાંધકામવાળો ફલેટ નં. .... ત્રીજા પક્ષવાળાની સંમતીથી તમો પહેલા પક્ષવાળાને ઉચ્ચક ₹ .... /– અંકે .... રૂપીયામાં આથી વેચાણ આપેલ છે અને તે વેચાણ અવેજના ₹ .... /– અંકે .... રૂપીયા તમો પહેલા પક્ષવાળા પાસેથી અમો ત્રીજા પક્ષવાળા કન્ફરમીંગ પાર્ટી નં. (૨)નાને આજદિન સુધીમાં ટુકડે ટુકડે ચેકથી મળી ગયા છે. જેથી તે વેચાણ અવેજના રૂપીયાના બદલામાં, સદર નીચે વર્ણનમાં જણાવેલી સ્થાવર મીલકત, તમો પહેલા પક્ષવાળાને પ્રત્યક્ષ કબજા સાથે, કાયમને માટે, વેચાણ આપી, તમો પહેલા પક્ષવાળાના પ્રત્યક્ષ કબજે સોંપી છે, તેનું વર્ણન :–

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા સબ ડીસ્ટ્રીકટ વડોદરા–૫ (બાપોદ)ના મોજે સયાજીપુરા તા. વડોદરાના,

રે. સર્વે નં.	હેક્ટર–આરે	આકાર રૂા.
૫૯૦	૨–૫૧–૯૧	૮=૩૭
૫૯૧/૧	૧–૭૫–૦૩	૫=૭૮

વાળી જમીનો આવેલી છે. સદર જમીનોનો ટાઉન પ્લાનીંગ સ્કીમ (ટી.પી.) નં. ૧ (સયાજીપુરા)માં સમાવેશ થતાં, રે.સર્વે નં. ૫૯૦ વાળી જમીનને ફાઇનલ પ્લોટ નં. ૬ ફાળવેલ છે અને તે મુજબ તેનું ક્ષેત્રફળ સુમારે ચો.મી. ૧૭૬૪૦ છે તેમજ રે.સર્વે નં. ૫૯૧/૧ વાળી જમીનને ફાઇનલ પ્લોટ નં. ૭ ફાલવેલ છે અને તે મુજબ તેનું ક્ષેત્રફળ સુમારે ચો.મી. ૧૨૪૦૭ છે. તે બંન્નેવ ફાઇનલ પ્લોટવાળી જમીનો પૈકી દક્ષિણ દિશા તરફનો ભાગ (જમીન), કે જેનું ક્ષેત્રફળ નીચે જણાવ્યા મુજબ છે,

- ફાઇનલ પ્લોટ નં. ૬ વાળી જમીનનો દક્ષિણ દિશા તરફનો ભાગ (જમીન), કે જેનું ક્ષેત્રફળ ચો.મી. ૪૫૬૭ છે.
- ફાઇનલ પ્લોટ નં. ૭ વાળી જમીનનો દક્ષિણ દિશા તરફનો ભાગ (જમીન), કે જેનું ક્ષેત્રફળ ચો.મી. ૬૧૦૩ છે.

જેનું કુલ ક્ષેત્રફળ ચો.મી. ૧૦૬૭૦ થાય છે. તે જમીનમાં બાંધકામ કરવા માટે, વડોદરા મહાનગર સેવા સદનમાં, રજાચિઠ્ઠી નં. વોર્ડ–૯, એલ–૧૭૬/૨૦૧૬–૨૦૧૭ તા. ૨૬–૧–૨૦૧૭ ના રોજ નકશા મંજુર કરાવીને, **“ અમરદીપ હેરીટેજ ”** એ નામ રાખીને રહેણાંકના ફ્લેટો તથા દુકાનો બાંધવાનું આયોજન કરવામાં આવેલું છે. તેમજ સદર ‘અમરદીપ હેરીટેજ’ એ નામે ઓળખાતી યોજનાના મંજુર કરેલ નકશામાં દર્શાવ્યા મુજબ, ૨૪ મીટરના રસ્તા ઉપર પુર્વ દિશા તરફની જમીન ઉપર ‘ટાવર–એ’ માં ગ્રાઉન્ડ ફ્લોર આગળના ભાગે દુકાનો તથા તેની ઉપર કુલ–૩ (ત્રણ) વીંગ, કે જે સ્થળ ઉપર ‘એ–૧’, ‘એ–૨’ તેમજ ‘એ–૩’ વીંગનું બાંધકામ કરવાનું આયોજન કરવામાં આવેલું છે. તે પૈકી **‘એ–૧’** ના .... ફ્લોરમાં આવેલ અધુરા બાંધકામવાળો ફ્લેટ નં. **..........** તમો પહેલા પક્ષવાળાને આથી વેચાણ આપ્યો છે. સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફ્લેટનું બાંધકામનું બીલ્ટઅપ ક્ષેત્રફળ ચો.મી. .... છે. તેમજ સદર ફ્લેટને વરાડે આવતી વણવહેંચાયેલી જમીનનું ક્ષેત્રફળ ચો.મી. .... છે. તેમજ સદર ફ્લેટને વરાડે આવતી કોમન

આંતરીક રસ્તાની વણ વહેંચાએલી જમીનનું ક્ષેત્રફળ ચો.મી. .... છે. તેમજ સદર ફ્લેટને વરાડે આવતી કોમન પ્લોટની વણવહેંચાએલી જમીનનું ક્ષેત્રફળ ચો.મી. .... છે. સદર ફ્લેટ આર.સી.સી.ના ધાબાવાળો છે. વેચાણવાળા ફ્લેટની ચતુઃ સીમા :–

પુર્વે :–

પશ્ચિમે :–

ઉત્તરે :–

દક્ષિણે :–

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફ્લેટમાં, સેનીટેશન; પ્લમ્બીંગ; લાઇટ ફીટીંગ; અંદર બહારનું પ્લાસ્ટર; બારી–બારણાં; ફ્લોરીંગમાં, કિચનમાં તથા સંડાસ–બાથરૂમમાં ટાઇલ્સનું કામ; કલરકામ વિગેરે જે કાંઇ કામ બાકી છે, તે તમામ કામ, તમો પહેલા પક્ષવાળાએ, તમારા પોતાના ખર્ચે અને જોખમે પુરૂ કરી લેવાનું છે.

સદર ઉપર વર્ણનમાં જણાવેલ રે.સર્વે નં. ૫૯૧/૧, ટી.પી. સ્કીમ નં. ૧ ના ફાઇનલ પ્લોટ નં. ૭ વાળી જમીનનો બીન ખેતીનો વાપર, ઉપભોગ, ઉપયોગ કરવા માટે, વડોદરાના કલેક્ટર સાહેબશ્રી તરફથી તેમના હુકમ ક્રમાંક : એન.એ./શરતભંગ/એસ.આર./૮૯/૨૦૧૫–૧૬ નં. બીનખેતી/ક.૬૭/વશી/૧૨૦/૨૦૧૬ તા. ૨૬–૨–૨૦૧૬ ના રોજથી પરવાનગી મળેલી છે. તેમજ રે.સર્વે નં. ૫૯૦, ટી.પી. સ્કીમ નં. ૧ ના ફાઇનલ પ્લોટ નં. ૭ વાળી જમીનનો બીન ખેતીનો વાપર, ઉપભોગ, ઉપયોગ કરવા માટે, વડોદરાના કલેક્ટર સાહેબશ્રી તરફથી તેમના હુકમ ક્રમાંક એન.એ./શરતભંગ/એસ.આર./૮૮/૨૦૧૫–૧૬ નં. બીનખેતી/ક.૬૭/વશી/૨૧૧/૨૦૧૬ તા. ૫–૪–૨૦૧૬ ના રોજથી પરવાનગી મળેલી છે.

એ રીતેની વિગતવાળો .... ફ્લોરમાં આવેલ અધુરા બાંધકામવાળો ફ્લેટ, તેમાં જવા આવવાના રસ્તા, પાણીના નીકાલ સાથે, તેને લાગતા વળગતા તમામ પ્રકારના હક્ક સંબંધ સાથે, તમો પહેલા પક્ષવાળાને, પ્રત્યક્ષ કબજા સાથે, કાયમને માટે, યાવત્ચંદ્ર દીવાકર પર્યંત વેચાણ આપી, તમો પહેલા પક્ષવાળાના પ્રત્યક્ષ કબજે સોંપેલ છે. જેથી સદર મીલકત ઉપર અમો બીજા પક્ષવાળા તથા ત્રીજા પક્ષવાળા તથા અમો બીજા પક્ષવાળા તથા ત્રીજા પક્ષવાળાના વંશ, વારસોનો કોઇપણ પ્રકારનો હક્ક દાવો રહયો નથી. તમો પહેલા પક્ષવાળા તથા તમો પહેલા પક્ષવાળાના વંશ,

વારસોનો સંપૂર્ણ હક્ક છે. જેથી સદર મીલકત ગીરો, વેચાણ, બક્ષીસ વિગેરે કરવા તથા તમો પહેલા પક્ષવાળાની મરજી મુજબ ઉપભોગ, ઉપયોગ કરવા તમો પહેલા પક્ષવાળા તથા તમો પહેલા પક્ષવાળાના વંશ, વારસો મુખત્યાર છો.

સદર મીલકત અમો બીજા પક્ષવાળા તથા ત્રીજા પક્ષવાળાએ બીજા કોઇને ત્યાં કોઇપણ પ્રકારે લખી આપી જોખમમાં નાખેલી નથી. બીન જોખમી છે અને તેના ટાઇટલ્સ કલીયર અને માર્કેટેબલ છે, એવો તમો પહેલા પક્ષવાળાને પાકો ભરોસો અને વિશ્વાસ આપી વેચાણ આપી છે. તેમ તેના ઉપર અમો બીજા પક્ષવાળા તથા ત્રીજા પક્ષવાળા સીવાય બીજા કોઇ ભાઇ, ભાગીદાર, ગીરોદાર, હીસ્સેદાર, દાવેદાર, લેણદાર, વારસદાર વિગેરેનો હક્ક સંબંધ નથી. તેમજ તે કોઇની જપ્તી, જામીનગીરીમાં કે કોઇની ટાંચમાં લખી આપેલી નથી. છતાં હરકતો થાય તો, તે હરકતો અમો બીજા પક્ષવાળા તથા ત્રીજા પક્ષવાળા અમારા પોતાના ખર્ચે દુર કરાવી આપીશું.

સદર મીલકત વડોદરા મહાનગર સેવા સદનમાં તથા વડોદરા સીટી સર્વે કચેરીમાં તથા ગામ તલાટી દફતરે ૭ X ૧૨ ના ઉતારામાં તથા અન્ય સરકારી તથા અર્ધ સરકારી કચેરીઓમાં આ વેચાણ દસ્તાવેજના આધારે તમો પહેલા પક્ષવાળા તમારા નામે કરાવી લેવા મુખત્યાર છો. તેમાં અમો બીજા પક્ષવાળાની તથા ત્રીજા પક્ષવાળાની સહી, સંમતીની કે કબુલાતની જરૂર પડે આપવા અમો બીજા પક્ષવાળા તથા ત્રીજા પક્ષવાળા બંધાએલા છીએ.

સદર **" અમરદીપ હેરીટેજ "** એ નામે ઓળખાતી યોજનાના મંજુર કરેલ નકશામાં દર્શાવ્યા મુજબ, અમો ત્રીજા પક્ષવાળા કન્ફરમીંગ પાર્ટી નં. (૨)નાએ, સદર જમીનમાં **'એ'** ટાવર, **'બી'** ટાવર, **'સી'** ટાવર, **'ડી'** ટાવર, **'ઇ'** ટાવર, **'એફ'** ટાવર, **'જી'** ટાવર, **'એચ'** ટાવર, **'આઇ'** ટાવર, **'જે'** ટાવર, **'કે'** ટાવર, **'એલ'** ટાવર, **'એમ'** ટાવર તથા **'એન'** ટાવર બાંધવાનું આયોજન કરેલ છે અને તેનું સમુહ નામ **" અમરદીપ હેરીટેજ "** આપેલું છે અને તેથી તે નામ કાયમ રાખવાનું છે. તેમજ સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફલેટ **'ટાવર–એ'** ના 'એ–૧' એ નામે ઓળખાતી વીંગમાં આવેલ હોવાના કારણોસર, તમો પહેલા પક્ષવાળાનો, સદર 'અમરદીપ હેરીટેજ' એ નામે ઓળખાતી યોજનાના **'ટાવર–એ'** ના 'એ–૨' તેમજ 'એ–3' વીંગની તેમજ **'બી'** ટાવર, **'સી'** ટાવર, **'ડી'** ટાવર, **'ઇ'** ટાવર, **'એફ'** ટાવર, **'જી'** ટાવર, **'એચ'** ટાવર, **'આઇ'** ટાવર, **'જે'** ટાવર, **'કે'** ટાવર, **'એલ'** ટાવર, **'એમ'** ટાવર તથા **'એન'** ટાવર તેમજ **'એ'** ટાવરના

ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ દુકાનો અંગેની કોઈપણ કોમન ફેસીલીટીઝ તથા એમીનીટીઝનો વાપર, ઉપભોગ, ઉપયોગ કરવાનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક કે હિસ્સો રહેશે નહી અને તે શરત તમો પહેલા પક્ષવાળાને કબુલ, મંજુર અને બંધનકર્તા હોઈ, તે શરતને આધીન રહીને જ, સદર ઉપર વર્ણનમાં જણાવેલી સ્થાવર મીલકત તમો પહેલા પક્ષવાળાએ આથી વેચાણ રાખી છે.

સદર **'' અમરદીપ હેરીટિઝ ''** એ નામે ઓળખાતી યોજનાના મંજુર કરેલા નકશામાં જે કોમન આંતરીક રસ્તા દર્શાવેલા છે, તે કોમન આંતરીક રસ્તાનો વાપર, ઉપભોગ, ઉપયોગ, સદર 'અમરદીપ હેરીટિજ' એ નામે ઓળખાતી આખી યોજનાના તમામ ફ્લેટોના માલીકોએ, સદર 'અમરદીપ હેરીટિજ' એ નામે ઓળખાતી યોજનાના તમામ ફ્લેટો અંગે રચાએલ જુદા જુદા મંડળ અથવા એશોસીએશના નીતી નિયમ મુજબ સહીયારી રીતે કરવાનો રહેશે અને તે મુજબ તમો પહેલા પક્ષવાળાને પણ તે સહીયારી રીતે એટલે કે, બીજા માલીકો સાથે સહીયારી રીતે વાપરવાનો હક્ક અને અધીકાર રહેશે. પરંતુ, સદર 'અમરદીપ હેરીટિજ' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરના ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ તમામ દુકાનોના માલીકોને, સદર કોમન આંતરીક રસ્તાનો વાપર, ઉપભોગ, ઉપયોગ કરવાનો કોઈપણ પ્રકારનો હક્ક કે અધિકાર રહેશે નહી.

સદર **'' અમરદીપ હેરીટિજ ''** એ નામે ઓળખાતી યોજનાના મંજુર કરેલા નકશામાં જે કોમન પ્લોટ દર્શાવેલ છે, તે કોમન પ્લોટની અંદર, અમો ત્રીજા પક્ષવાળા જે ગાર્ડન તથા કલબ હાઉસ વિગેરે કરી/બનાવીને આપવાના છીએ, તે તમામનો વાપર, ઉપભોગ, ઉપયોગ, સદર 'અમરદીપ હેરીટિજ' એ નામે ઓળખાતી આખી યોજનાના તમામ માલીકોએ, સદર 'અમરદીપ હેરીટિજ' એ નામે ઓળખાતી યોજનાના તમામ ટાવરના તમામ ફ્લેટોના માલીકો અંગે રચાએલ જુદા જુદા મંડળ અથવા એશોસીએશના નીતી નિયમ મુજબ સહીયારી રીતે કરવાનો રહેશે અને તે મુજબ તમો પહેલા પક્ષવાળાને પણ તે સહીયારી રીતે એટલે કે, બીજા માલીકો સાથે સહીયારી રીતે વાપરવાનો હક્ક અને અધીકાર રહેશે. પરંતુ, સદર 'અમરદીપ હેરીટિજ' એ નામે ઓળખાતી યોજનાના **'એ'** ટાવરના ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ તમામ દુકાનોના માલીકોને, સદર કોમન પ્લોટ તથા તેમાં આવેલ ફેસીલીટીઝ તથા એમીનીટીઝનો વાપર, ઉપભોગ, ઉપયોગ કરવાનો કોઈપણ પ્રકારનો હક્ક કે અધિકાર રહેશે નહી.

સદર 'અમરદીપ હેરીટિજ' એ નામે ઓળખાતી યોજનાના **'ટાવર–એ'** ની દરેક વીંગ માટે

એટલે કે, 'એ–૧', 'એ–૨' તેમજ 'એ–3' વીંગ માટે અમો ત્રીજા પક્ષવાળા તમામ વીંગ માટે ઈલાયદી લીફ્ટ; દાદર; કોમન પેસેજ; કોમન પાર્કીંગ; કોમન પાણીની લાઇનો તથા કોમન ડ્રેનેજ લાઇન; કોમન લાઇટ ફીટીંગ; અંડર ગ્રાઉન્ડ તેમજ ઓવરહેડ પાણીની ટાંકીઓ; સબ મર્સીબલ પંપ સાથેનો પાણીનો બોર વિગેરેની સુવિધાઓ કરી/બનાવીને આપવાના છીએ. તેમજ તે તમામ સુવિધાઓનું મેન્ટેનન્સ કરવા માટે તેમજ તે તમામ સુવિધાઓનો સરકારી તથા અર્ધસરકારી વેરાઓ તેમજ ઈલેકટ્રીક લાઇટ બીલ ભરવા તેમજ તે અંગેનો ઇતર તમામ વહીવટ કરવા અંગે, સદર **'ટાવર–એ'** ની જે તે વીંગ માટે એટલે કે, 'એ–૧', 'એ–૨' તેમજ 'એ–3' વીંગ માટે ઇલાયદા મંડળ અથવા એસોસીએશનની રચના કરવાની રહેશે અને તે રચાએલ મંડળ અથવા એસોસીએશનમાં, તમો પહેલા પક્ષવાળાને લાગુ પડતા મંડળ કે એસોસીએશનના, તમો પહેલા પક્ષવાળાએ ફરજીયાત મેમ્બર થવાનું રહેશે અને વરાડે આવતી રકમ આપવાની રહેશે અને તે શરતને આધીન રહીનેજ, સદર ફલેટ તમો પહેલા પક્ષવાળાને આથી વેચાણ આપ્યો છે. તેમજ તે રચાયેલ જે તે મંડળ અથવા એસોસીએશનના તમામ સભાસદો પાસેથી ઉઘરાવેલ મેમ્બરશીપ ફીમાંથી, સદર ઉપરોકત જણાવેલ જે તે વીંગની તમામ ફેસીલીટીઝ તથા એમીનીટીઝનું મેન્ટેનન્સ કરવાનું રહેશે તેમજ તેના તમામ વેરા તથા ઇલેકટ્રીક લાઇટ બીલ પણ તેમાંથીજ ભરવાના રહેશે. તેમજ સદર 'અમરદીપ હેરીટેજ' એ નામે ઓળખાતી યોજનાના આખા **'ટાવર–એ'** અંગે, અમો ત્રીજા પક્ષવાળા કોમન ફેસીલીટીઝ તથા એમીનીટીઝમાં, અંડર ગ્રાઉન્ડ જી.ઇ.બી. કેબલીંગ તેમજ માર્જીનની ખુલ્લી જગ્યામાં પેવર બ્લોક્સ નાખી/બનાવીને આપવાના છીએ. તેમજ તેવી સુવિધાઓને મેન્ટેનન્સ કરવા માટે તેમજ તેનો સરકારી તથા અર્ધસરકારી વેરા તેમજ ઈલેકટ્રીક લાઇટ બીલ ભરવા તેમજ બીજો ઇતર તમામ વહીવટ કરવા અંગે જે કાંઇપણ ખર્ચ થાય તેમાં, સદર **'ટાવર–એ'** વાળી સમગ્ર મીલકત અંગે રચાએલ જુદા જુદા એસોસીએશને, તેઓના ભાગે અને ફાળે આવતી રકમ આપવાની રહેશે. તે જ પ્રમાણે, સદર **'ટાવર–એ'** માં જે અન્ડર ગ્રાઉન્ડ ઇલેકટ્રીક લાઇટની લાઇન નાખેલ છે, તે અંડર ગ્રાઉન્ડ ઇલેક્ટ્રીક લાઇનનું તમામ પ્રકારનું મેન્ટેનન્સ પણ, સદર **'ટાવર–એ'** વાળી સમગ્ર મીલકત અંગે રચાએલ જુદા જુદા એસોસીએશને અથવા તો મેમ્બરોએ પોતાના સ્વખર્ચે કરવાનું રહેશે. જેમાં અમો આ વેચાણ દસ્તાવેજ લખી આપનારાઓની કોઇપણ જાતની જવાબદારી રહેશે નહી અને તે શરતને આધીન રહીનેજ, સદર મીલકત તમો પહેલા પક્ષવાળાએ આથી વેચાણ રાખી છે.

સદર 'અમરદીપ હેરીટેજ' એ નામે ઓળખાતી યોજનાના **'ટાવર–એ'** ની નીચેની જમીનમાં, તમો પહેલા પક્ષવાળાનો, તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ મીલકતના ક્ષેત્રફળના પ્રમાણમાં, વગર વહેંચાયેલો સહીયારો હીસ્સો રહેશે.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફ્લેટ, સદર 'અમરદીપ હેરીટેજ' એ નામે ઓળખાતી યોજનાના **'ટાવર–એ'** ના **'એ–૧'** એ નામે ઓળખાતી વીંગમાં આવેલ હોવાના કારણોસર, હવેથી આ વેચાણ દસ્તાવેજમાં, સદર વીંગ **'એ–૧'** એ નામથી સંબોધવામાં આવશે.

સદર **'એ–૧'** વીંગવાળી આખી મીલકતને કોઇપણ પ્રકારનું નુકશાન થાય તો, સદર 'એ–૧' વીંગના દરેક માલીકોએ પોતાના ભાગમાં, પોતાના ખર્ચે બાંધકામ અથવા સમારકામ કરી લેવાનું રહેશે.

સદર **'એ–૧'** વીંગમાં જવા આવવાનો રસ્તો, દાદર, કોમન પેસેજ, ઉપર નીચેની પાણીની ટાંકીઓ તથા કોમન પાણીની લાઇનો તથા કોમન ડ્રેનેજ લાઇન તથા કોમન લાઇટ ફીટીંગ વિગેરે જે સુવિધાઓ કરવામાં આવે, તેનો વાપર, ઉપભોગ, ઉપયોગ તમો પહેલા પક્ષવાળાએ, સદર 'એ–૧' વીંગના બીજા અન્ય ફ્લેટ માલીકો સાથે, સદર 'એ–૧' વીંગના તમામ ફ્લેટોના માલીકો માટે રચાએલ મંડળ કે એસોસીએશનના નીતિ નિયમો પ્રમાણે સહીયારી રીતે કરવાનો રહેશે.

સદર **'એ–૧'** વીંગના ફ્રેમ સ્ટ્રક્ચરમાં તથા બહારના એલીવેશનમાં તથા એલીવેશનના કલરમાં, તમો પહેલા પક્ષવાળા કોઇપણ જાતનો ફેરફાર કરી શકશો નહી, એવી સ્પષ્ટ બાંહેધરી તમો પહેલા પક્ષવાળા અમો લખી આપનારાઓને આથી આપો છો. તેમજ સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફ્લેટની બહારની બાજુમાં, તમો પહેલા પક્ષવાળા કોઇપણ જાતની પ્રોજેકશન આઇટમ લગાડી શકશો નહી.

સદર **'એ–૧'** વીંગના કોમન પેસેજ, દાદર, ઓ.ટી.એસ. તથા અન્ય કોમન સુવિધાઓનો ઉપયોગ, જે તે હેતુ માટે સુવિધાઓ બનાવેલી છે, તેજ હેતુ માટે કરવાનો છે. કોમન પેસેજ તથા દાદરની તેમજ ઓ.ટી.એસ.ની જગ્યામાં, તમો પહેલા પક્ષવાળાએ કોઇપણ પ્રકારનો સામાન મુકવાનો નથી કે તેને કાચું કે પાકું બાંધકામ કરીને, તમો પહેલા પક્ષવાળા આંતરી શકશો નહી.

સદર **'એ–૧'** વીંગની ઉપરની અગાસીમાં તમો પહેલા પક્ષવાળાનો અથવાતો, સદર 'એ–૧' વીંગના બીજા અન્ય તમામ માલીકોનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક કે હિસ્સો રહેશે

નહી અને તેની સંપુર્ણપણે માલીકી ફક્ત અમો લખી આપનારાઓની રહેશે અને તેવી સ્પષ્ટ સમજુતી સાથેજ, સદર ઉપર વર્ણનમાં જણાવેલ ફ્લેટ તમો પહેલા પક્ષવાળાને આથી વેચાણ આપ્યો છે. તેમજ ભવિષ્યમાં બાકી રહેલી એફ.એસ.આઇ. મુજબ, અમો લખી આપનારાઓને, અગર વડોદરા મહાનગર સેવા સદન તરફથી, જો વધારાની બાંધકામ કરવાની પરવાનગી મળે અને અગર અમો લખી આપનારાઓ તે વધારાનું બાંધકામ પાછળથી કરીએ તો, તેમાં તમો પહેલા પક્ષવાળાએ સ્વતંત્ર રીતે અગર તો બીજા ફ્લેટ માલીકો સાથે ભેગા મળીને, કોઇપણ જાતનો વાંધો કે હરકત કે અડચણ કરવાની નથી અને તેવી સ્પષ્ટ સમજુતી સાથેજ, સદર ફ્લેટ તમો પહેલા પક્ષવાળાએ આથી વેચાણ રાખેલ છે. તેમજ અમો લખી આપનારાઓ તે વધારાનું બાંધકામ ભવિષ્યમાં જ્યારે કરીએ ત્યારે, સદર 'એ–૧' વીંગમાં તેમજ સદર 'ટાવર–એ' માં જે જે સુવિધાઓ ઉપલબ્ધ છે, તેનો ઉપયોગ કરવા અમો બીજા પક્ષવાળા માલીક હક્કદાર છીએ. તેમજ સદર અગાસી અમો લખી આપનારાઓ બીજા કોઇપણ ઇસમને કોઇપણ રીતે લખી આપવા પણ હક્કદાર છીએ એટલે કે, તે અગાસી અમો લખી આપનારાઓ બીજા કોઇપણ ઇસમને વેચાણ કરવા, ભાડે આપવા, ગીરો મુકવા હક્કદાર રહીશું. તદ્ઉપરાંત, અમો લખી આપનારાઓ, સદર અગાસીમાં એડવેટાઇઝમેન્ટના બોર્ડ મુકવા પણ માલીક હક્કદાર રહીશું અને તેવે પ્રસંગે, તમો પહેલા પક્ષવાળાએ સ્વતંત્ર રીતે અથવા તો, સદર 'એ–૧' વીંગના બીજા અન્ય ફ્લેટ માલીકો સાથે ભેગા મળીને કોઇપણ પ્રકારનો વાંધો ઉઠાવવાનો રહેશે નહી. તેમજ ભવિષ્યમાં જ્યારે પણ અમો લખી આપનારાઓ, સદર અગાસી બીજા કોઇપણ ઇસમને વેચાણથી અથવા ભાડેથી આપીએ ત્યારે તેઓ પણ, સદર ઉપર જણાવેલ અગાસી અંગેના હક્ક અને અધિકાર ભોગવવા માલીક હક્કદાર રહેશે.

સદર **'એ–૧'** વીંગની ઉપરની અગાસીમાં હાલમાં, સદર આખી વીંગના પાણીનો વાપર, ઉપભોગ, ઉપયોગ કરવા માટે પાણીની ટાંકી બનાવેલી છે. જેથી કરીને, ભવિષ્યમાં, સદર 'એ–૧' વીંગની ઉપરની અગાસીમાં અમો લખી આપનારાઓ વધારાનું બાંધકામ જ્યારે કરીએ ત્યારે, તે નવીન થયેલ બાંધકામની ઉપર જે ખુલ્લી અગાસી આવે, તે ખુલ્લી અગાસીમાં અમો લખી આપનારાઓ, સદર આખી વીંગના પાણીનો વાપર, ઉપભોગ, ઉપયોગ કરવા માટે પાણીની ટાંકી બનાવવાની રહેશે. તેમજ તે અમો લખી આપનારાઓએ બનાવેલ પાણીની ટાંકીનું રીપેર, મેન્ટેનન્સ કરવા માટે, સદર 'એ–૧' વીંગના રચાએલ મંડળ અથવા એસોસીએશને નક્કી કરેલ ઇસમને ફક્ત રીપેર, મેન્ટેનન્સ

કરવા માટે, સદર અગાસીમાં જવા–આવવાનો હક્ક રહેશે. તે સિવાય, સદર 'એ–૧' વીંગના કોઇપણ માલીકનો, સદર ખુલ્લી અગાસીમાં કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક કે હિસ્સો રહેશે નહી અને તેવી સ્પષ્ટ સમજુતી સાથે જ, સદર ઉપર વર્ણનમાં જણાવેલ ફ્લેટ તમો પહેલા પક્ષવાળાને આથી વેચાણ આપ્યો છે.

સદર **'એ–૧'** વીંગના ગ્રાઉન્ડ ફ્લોરમાં પુર્વ દિશા તરફના ભાગમાં જે પાર્કીંગની ખુલ્લી જગ્યા આવેલી છે, તે પાર્કીંગની ખુલ્લી જગ્યામાં તમો પહેલા પક્ષવાળાને, સદર 'એ–૧' વીંગના તમામ ફ્લેટોના માલીકો સાથે, સદર 'એ–૧' વીંગના તમામ ફ્લેટોના માલીકો માટે રચાએલ મંડળ અથવા એસોસીએશનના નીતિ નિયમો મુજબ સહીયારી રીતે વાહનનું પાર્કીંગ કરવાનો હક્ક રહેશે. તેમજ સદર પાર્કીંગવાળી ખુલ્લી જગ્યામાં, તમો પહેલા પક્ષવાળા સ્વતંત્ર રીતે અથવા તો, સદર 'એ–૧' વીંગના બીજા તમામ ફ્લેટોના માલીકો સાથે ભેગા મળીને કોઇપણ પ્રકારનું કાચું કે પાકું બાંધકામ કરી શકશો નહી કે ગંદકી કરી શકશો નહી તેમજ કોઇને અડચણ થાય તેવી રીતે વાહનનું પાર્કીંગ કરી શકશો નહી. તેમજ સદર પાર્કીંગ પ્લેસનો જે કાંઇપણ સાફસુફીનો ખર્ચ થાય તેમજ તેના મેન્ટેનન્સનો જે કાંઇપણ ખર્ચ થાય તથા જે કાંઇપણ સરકારી વેરા કે ઇલેક્ટ્રીક લાઇટ બીલ આવે તેમાં તમો પહેલા પક્ષવાળાએ, સદર 'એ–૧' વીંગના તમામ ફ્લેટોના માલીકો માટે રચાએલ મંડળ કે એસોસીએશનના નક્કી કરેલા નીતી નિયમો પ્રમાણે, તમો પહેલા પક્ષવાળાના હિસ્સે આવતી રકમ આપવાની રહેશે. તેમજ સદર **'ટાવર–એ'** ના ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ તમામ દુકાનોની આગળના ભાગમાં એટલે કે, ૨૪ મીટર પહોળા રસ્તા તરફ આવેલ પાર્કીંગની ખુલ્લી જગ્યામાં તમો પહેલા પક્ષવાળાને વાહન પાર્ક કરવાનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત કે હિસ્સો રહેશે નહી કારણ કે, સદર પાર્કીંગની ખુલ્લી જગ્યા, સદર **'ટાવર–એ'** માં આવેલ ફક્ત દુકાનોના માલીકો માટે જ છે. તે જ પ્રમાણે, સદર **'ટાવર–એ'** ના 'એ–૨' તથા 'એ–૩' વીંગના ગ્રાઉન્ડ ફ્લોરમાં જે પાર્કીંગની ખુલ્લી જગ્યા આવેલી છે, તે પાર્કીંગની ખુલ્લી જગ્યામાં પણ તમો પહેલા પક્ષવાળાને વાહન પાર્ક કરવાનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત કે હિસ્સો રહેશે નહી કારણ કે, સદર પાર્કીંગની ખુલ્લી જગ્યા, જે તે વીંગ એટલે કે, 'એ–૨' તથા 'એ–૩' વીંગમાં આવેલ ફ્લેટોના માલીકો માટે જ છે.

સદર **'એ–૧'** વીંગમાં જે લીફ્ટની સુવિધા કરવામાં આવે, તેનો વાપર, ઉપભોગ, ઉપયોગ તમો પહેલા પક્ષવાળાએ, સદર 'એ–૧' વીંગના તમામ ફ્લેટોના માલીકો સાથે, સદર 'એ–૧'

વીંગના તમામ ફલેટોના માલીકો માટે રચાએલ મંડળ કે એસોસીએશનના નીતિ નિયમો પ્રમાણે સહીયારી રીતે કરવાનો રહેશે. તેમજ સદર લીફટનો રીપેરીંગ મેન્ટેનન્સ ખર્ચ, ઇલેકટ્રીક લાઇટ બીલ, લીફ્ટ મેનનો પગાર તથા ઇતર તમામ જે કાંઇપણ ખર્ચ થાય તેમાં તમો પહેલા પક્ષવાળાએ, સદર 'એ–૧' વીંગના તમામ ફલેટોના માલીકો માટે રચાએલ મંડળ કે એસોસીએશનના નક્કી થયેલ નીતિ નિયમો મુજબ, વરાડે પડતો ફાળો આપવાનો રહેશે.

સદર 'અમરદીપ હેરીટેજ' એ નામે ઓળખાતી યોજનાના **'ટાવર–એ'** માં આવેલ તમામ વીંગ એટલે કે, 'એ–૧', 'એ–૨' તેમજ 'એ–૩' વીંગ તથા **'બી'** ટાવર, **'સી'** ટાવર, **'ડી'** ટાવર, **'ઇ'** ટાવર, **'એફ'** ટાવર, **'જી'** ટાવર, **'એચ'** ટાવર, **'આઇ'** ટાવર, **'જે'** ટાવર, **'કે'** ટાવર, **'એલ'** ટાવર, **'એમ'** ટાવર તથા **'એન'** ટાવરના તમામ ફલેટોના માલીકોને જવા–આવવાની સુગમતા રહે તે કારણોસર, **'ટાવર–એ'** તથા **'ટાવર–એન'** વચ્ચે એક એન્ટ્રી ગેટ રાખવામાં આવેલા છે. જેથી કરીને, તે એન્ટ્રી ગેટનો જવા–આવવા માટે વાપર, ઉપભોગ, ઉપયોગ કરવાના હક્કો, સદર 'અમરદીપ હેરીટેજ' એ નામે ઓળખાતી યોજનાના તમામ ફલેટોના માલીકોને આપવામાં આવેલ હોવાથી, તે એન્ટ્રી ગેટનો વાપર, ઉપભોગ, ઉપયોગ તમો પહેલા પક્ષવાળાએ, સદર 'અમરદીપ હેરીટેજ' એ નામે ઓળખાતી યોજનાના તમામ ફલેટોના માલીકો સાથે સહીયારી રીતે કરવાનો રહેશે અને તેવી સ્પષ્ટ સમજુતી સાથે જ, સદર ઉપર વર્ણનમાં જણાવેલ ફલેટ તમો પહેલા પક્ષવાળાએ આથી વેચાણ રાખ્યો છે.

સદર તમો પહેલા પક્ષવાળાને વેચાણ આપેલ ફલેટના ઉપરના સ્લેબને કોઇપણ કારણોસર નુકશાન થાય તો, તમો પહેલા પક્ષવાળાએ અને ઉપરવાળા માલીકે સહીયારા ખર્ચે રીપેરીંગ કરાવવાનું રહેશે. તે જ પ્રમાણે, સદર ફલેટના નીચેના સ્લેબને પણ કોઇપણ કારણોસર નુકશાન થાય તો, તમો પહેલા પક્ષવાળાએ અને નીચેવાળા માલીકે સહીયારા ખર્ચે રીપેરીંગ કરાવવાનું રહેશે.

સદર મીલકતના વેચાણ દસ્તાવેજ કરાવવા અંગેનો સ્ટેમ્પ ડ્યુટીનો તેમજ નોંધણી ફી નો ખર્ચ જે થાય તે બધો તમો પહેલા પક્ષવાળાએ ભોગવવાનો છે. તેમજ સદર મીલકત વેચાણ લેવા સારૂં જે કાંઇપણ સર્વિસ ટેક્ષ, ટી.ડી.એસ. અથવા તો ઇતર બીજો કોઇપણ સરકારી ટેક્ષ ભરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો, તેવે સંજોગે તેવા ભરવાના થતાં તમામ ટેક્ષના નાણાં પણ તમો પહેલા પક્ષવાળાએ ભરવાના રહેશે. તેમજ સ્ટેમ્પ એકટની જોગવાઇઓ મુજબ, સદર મીલકત અંગે વધારાની

ખુટતી સ્ટેમ્પ ડયુટીના જે કોઇપણ પૈસા ભરવાના આવે, તે ભરવાની જવાબદારી પણ તમો લખી લેનાર પહેલા પક્ષવાળાની છે.

આ વેચાણ દસ્તાવેજ અમો બીજા પક્ષવાળાએ તથા ત્રીજા પક્ષવાળાએ અમારી રાજીખુશીથી, અકકલ હોંશીયારીથી, સાફ દિલથી, લખી આપ્યો છે, તે અમો બીજા પક્ષવાળા તથા ત્રીજા પક્ષવાળા તથા અમો બીજા પક્ષવાળાના તથા ત્રીજા પક્ષવાળાના વંશ, વારસો સર્વેને કબુલ, મંજુર અને બંધનકારક છે. તેમજ સદર વેચાણ દસ્તાવેજ, લખી આપનાર તથા લખી લેનારની સુચનાથી તથા બન્નેવની સંમતીથી, લી. વડોદરા શહેર નોંધણી કચેરીના પરવાનાવાળા દસ્તાવેજ લખનાર – શ્રી યતિન આનંદલાલ શાહ, લા.નં. ૧૭/૯૩ રે. કલ્પના સોસાયટી, વાઘોડીયા રોડ, વડોદરા.

સહી શાખ

---------------------- -------------------
-

બીજા પક્ષવાળા/જમીન માલીક :–

(શ્રી અમરતલાલ મોતીભાઇ પ્રજાપતિ)

ત્રીજા પક્ષવાળા/સંમતિ આપનાર :–

કન્ફરમીંગ પાર્ટી નં. (૧) :–

(શ્રી રાજેશ રામભરોસેલાલ અગ્રવાલ)

કન્ફરમીંગ પાર્ટી નં. (૨) :–

અમર ઈન્ફ્રાસ્ટ્રક્ચર એ નામની ભાગીદારી
પેઢીના વહીવટકર્તા ભાગીદાર,

(શ્રી કિશોરભાઇ ઘરમશીભાઇ પ્રજાપતિ)

પહેલા પક્ષવાળા/લખી લેનાર :–

( )

ધી રજીસ્ટ્રેશન એકટ, ૧૯૦૮ ની કલમ–૩૨ એ અન્વયે મુજબનું સીડ્યુઅલઃ–

અનુ. નંબર	નામ તથા સહી	ફોટો	ડાબાહાથના અંગુઠાનું નિશાન
(૧)	(શ્રી અમરતલાલ મોતીભાઇ પ્રજાપતિ)		
(૨)	(શ્રી રાજેશ રામભરોસેલાલ અગ્રવાલ)		
(૩)	(શ્રી કિશોરભાઇ ધરમશીભાઇ પ્રજાપતિ)		
(૪)	( )		